# Junior clerk 2016-17

1. સામાન્ય રીતે છ પંક્તિના કાવ્યને શું કહેવાય ?
(A) હાઈકુ
(B) છપ્પા
(C) ઊર્મિગીત
(D) પદ
(E) Not Attempted

2. ભારતના મધ્યમાંથી પસાર થતી કર્કવૃત્ત રેખા કુલ કેટલા રાજ્યોમાંથી પસાર થાય છે ?
(A) પાંચ
(B) છ
(C) આઠ
(D) સાત
(E) Not Attempted

3. ફ્રેન્ચ ઓપન - 2016 (ટેનીસ)ની વિમેન્સ સિંગલ્સમાં કોણ વિજેતા થયું હતું ?
(A) એન્જેલિક કર્બર
(B) ગર્બાઈન મુગુરૂઝા
(C) લૂસી રોક્કા
(D) સેરેના વિલિયમ્સ
(E) Not Attempted

4. To run after someone is ..............
(A) follow
(B) race
(C) marathon
(D) chase
(E) Not Attempted

5. ગુજરાતી ભાષાની સૌપ્રથમ આત્મકથા કઈ ?
(A) બાંધ ગઠરિયાં
(B) મારી હકીકત
(C) સીધાં ચઢાણ
(D) સત્યના પ્રયોગો
(E) Not Attempted

6. 'મહાદેવભાઈ <u>માત્ર</u> પચાસ વર્ષ જીવ્યા' - રેખાંકિત પદ ઓળખાવો.
(A) વિશેષણ
(B) નિપાત
(C) સર્વનામ
(D) કૃદંત
(E) Not Attempted

7. બનાસકાંઠા જિલ્લાના વાવ તાલુકાના ઠાકોરનું કયું નૃત્ય ખૂબ જાણીતું છે ?
(A) ગોફ ગૂંથણ નૃત્ય
(B) મેરાયો નૃત્ય
(C) મરચી નૃત્ય
(D) ટિપ્પણી નૃત્ય
(E) Not Attempted

8. 22 ઓક્ટોબર, 2015 ના રોજ આંધ્રપ્રદેશની રાજધાની અમરાવતીનો શિલાન્યાસ કોણે કર્યો હતો ?
(A) રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજી
(B) મુખ્યમંત્રી ચંદ્રબાબુ નાયડૂ
(C) યોગગુરુ બાબા રામદેવ
(D) વડાપ્રધાન નરેન્દ્ર મોદી
(E) Not Attempted

9. ગાંધીજીએ કોને 'સવાઈ ગુજરાતી' કહ્યાં છે ?
(A) ફાધર વાલેસ
(B) કાકા કાલેલકર
(C) વલ્લભભાઈ પટેલ
(D) ઝવેરચંદ મેઘાણી
(E) Not Attempted

www.gujjuguruji.com

10. ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કઈ તારીખે જૂની 500 - 1000 ની ચલણી નોટો પાછી ખેંચવાની જાહેરાત કરી હતી ?
(A) 8 મી ઓક્ટોબર, 2016
(B) 8 મી નવેમ્બર, 2016
(C) 31 મી ડિસેમ્બર, 2016
(D) 8 મી ડિસેમ્બર, 2016
(E) Not Attempted

11. વર્તુળના કેન્દ્ર આગળ બનતા બધા ખૂણાઓનાં માપનો સરવાળો .............. થાય છે.
(A) 180°
(B) 45°
(C) 360°
(D) 90°
(E) Not Attempted

12. ખોટી જોડણીવાળો શબ્દ શોધો.
(A) ભૂમિકા
(B) કાકલૂદી
(C) વીચીત્ર
(D) નિવૃત્ત
(E) Not Attempted

13. 'ડીમ લાઈટ' રઘુવીર ચૌધરી રચિત કયા પ્રકારની સાહિત્યરચના છે ?
(A) ટૂંકી વાર્તા
(B) હાસ્ય નિબંધ
(C) એકાંકી
(D) ભવાઈ વેશ
(E) Not Attempted

14. જો + એટલે ÷, – એટલે ×, ÷ એટલે + અને × એટલે – હોય, તો 10 – 2 ÷ 4 × 10 + 5 = .............. .
(A) 32
(B) 22
(C) 18
(D) 24
(E) Not Attempted

10×2+4−10÷5
20+4−2

15. 'અભય ઘાટ' કયા મહાપુરુષની સમાધિ છે ?
(A) જવાહરલાલ નહેરુ
(B) મોરારજી દેસાઈ
(C) રાજીવ ગાંધી
(D) ઈન્દિરા ગાંધી
(E) Not Attempted

16. નીચેનામાંથી કયા સાહિત્યકારને ભારતીય સાહિત્યનો શ્રેષ્ઠ 'જ્ઞાનપીઠ પુરસ્કાર' મળ્યો નથી ?
(A) ઉમાશંકર જોષી
(B) પન્નાલાલ પટેલ
(C) રાજેન્દ્ર શાહ
(D) લાભશંકર ઠાકર
(E) Not Attempted

17. ભારત દેશના સાંસદ સભ્યોને બંધારણના કયા અનુચ્છેદ મુજબ વિશેષાધિકારો પ્રાપ્ત થયેલા છે ?
(A) 25 થી 28
(B) 13
(C) 105
(D) 194
(E) Not Attempted

18. નીચેનામાંથી કયું જોડકું ખોટું છે ?
(A) ડભોઈનો કિલ્લો - ચૌલાદેવી
(B) રુદ્રમહાલય - મૂળરાજ સોલંકી
(C) ભદ્રનો કિલ્લો - એહમદશાહ
(D) કુંભારિયા દેરાં - વિમલ મંત્રી
(E) Not Attempted

19. 'બાળકો માતાપિતાને પ્રશ્નો પૂછતાં નથી' - આ વાક્યનું કર્મણિ વાક્ય શોધીને લખો.

(A) બાળકો માતાપિતાને પ્રશ્નો પૂછતા જ નથી.
(B) માતાપિતાને બાળકો પ્રશ્નો પૂછતા નથી.
(C) બાળકોએ માતાપિતાને પ્રશ્નો પૂછ્યાં.
(D) બાળકો વડે માતાપિતાને પ્રશ્નો પૂછાતા નથી.
(E) Not Attempted

20. We should take care of health because ...............

(A) health is time
(B) health is good
(C) All three mentioned here
(D) health is wealth
(E) Not Attempted

21. ભારત સરકારના 'વિદેશ મંત્રી' કોણ છે ?

(A) સુષ્મા સ્વરાજ
(B) પ્રકાશ જાવડેકર
(C) મનોહર પર્રિકર
(D) નીતિન ગડકરી
(E) Not Attempted

22. He has improved his performance by ............... again and again. (write with proper form of verb)

(A) practising
(B) talked
(C) talk
(D) practised
(E) Not Attempted

23. 'લગ્ન વખતે કન્યાએ પહેરવાનું વસ્ત્ર' - શબ્દસમૂહ માટેનો એક શબ્દ કયો ?

(A) પાનેતર
(B) પાલવ
(C) સાડી
(D) મીંઢણ
(E) Not Attempted

24. નીતિશતકની રચના કોણે કરી છે ?

(A) બિલ્હણ
(B) ભર્તૃહરિ
(C) ભારવિ
(D) જયદેવ
(E) Not Attempted

25. 'જ્યાં જ્યાં વસે એક ગુજરાતી, ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત' - પ્રસિદ્ધ પંક્તિના રચયિતા કોણ છે ?

(A) ભોગીલાલ ગાંધી
(B) ખબરદાર
(C) રાવજી પટેલ
(D) કવિ નર્મદ
(E) Not Attempted

26. કયા રાજાના સમયમાં મહમૂદ ગઝનીએ સોમનાથ મંદિરને લૂંટ્યું હતું ?

(A) મૂળરાજ પહેલો
(B) કર્ણદેવ સોલંકી
(C) કરણ વાઘેલા
(D) ભીમદેવ પહેલો
(E) Not Attempted

27. ભારતીય રીઝર્વ બેંકનું વડું મથક ક્યાં આવેલું છે ?

(A) કોલકત્તા
(B) ચેન્નાઈ
(C) મુંબઈ
(D) દિલ્હી
(E) Not Attempted

28. Give nearest meaning : 'Appear'

(A) Show
(B) See
(C) Reach
(D) Happen
(E) Not Attempted

29. ગુજરાતની કઈ નદીને 'મૈકલ કન્યા' તરીકે ઓળખવામાં આવે છે ?

(A) મહી
(B) નર્મદા
(C) સાબરમતી
(D) તાપી
(E) Not Attempted

30. 3 ફેબ્રુઆરીના રોજ કોણે ગુજરાત હાઈકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ તરીકે શપથ લીધા ?

(A) જયંત પટેલ
(B) એસ. અપર્ણા
(C) પી. કે. તનેજા
(D) આર. સુભાષ રેડ્ડી
(E) Not Attempted

31. મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં સૌથી વધુ લોકપ્રિય પદ્યવાર્તાકાર તરીકે કોણ પ્રસિદ્ધ છે ?

(A) શામળ ભટ્ટ
(B) પ્રેમાનંદ
(C) ભોજો ભગત
(D) ભાલણ
(E) Not Attempted

32. 24, 35, 47, 60, 74, ...............

(A) 87
(B) 90
(C) 91
(D) 89
(E) Not Attempted

33. નીચેનામાંથી કયા બે કવિઓ સુધારક યુગના છે ?

(1) નર્મદ (2) દયારામ (3) દલપતરામ (4) જયંત પાઠક

(A) 1 અને 2
(B) 1 અને 4
(C) 2 અને 3
(D) 1 અને 3
(E) Not Attempted

34. We should not smoke because ...............

(A) smoking is injurious to health
(B) smoking kills
(C) None of the three mentioned here
(D) smoking creates pollution
(E) Not Attempted

35. મંદાક્રાન્તા છંદનું બંધારણ ઓળખાવો ?

(A) મ ભ ન ત ત ગા ગા
(B) ન સ મ ર સ લ ગા
(C) જ સ જ સ ય લ ગા
(D) ય મ ન સ ભ લ ગા
(E) Not Attempted

36. 'જુમો ભિસ્તી' વાર્તામાં પાડાનું નામ શું હતું ?

(A) રેણુ
(B) ભૂરો
(C) જુમો
(D) વેણુ
(E) Not Attempted

37. 'ઘડી સંગ' કાવ્યના સર્જક કોણ છે ?

(A) રાજેન્દ્ર શાહ
(B) નિરંજન ભગત
(C) રાજેન્દ્ર શુક્લ
(D) જયંત પાઠક
(E) Not Attempted

38. Find nearly opposite meaning : 'Monarchy'

(A) Democracy
(B) Freedom
(C) Strong rule
(D) Kingdom
(E) Not Attempted

39. નાનામાં નાની અવિભાજ્ય સંખ્યા કઈ છે ?

(A) 2
(B) 3
(C) 0
(D) 1
(E) Not Attempted

40. I really enjoy .............. the poor.

(A) helping
(B) helped
(C) will help
(D) help
(E) Not Attempted

41. ગુજરાતમાં સૌપ્રથમ 'રેડિયો સ્ટેશન' ક્યાં શરૂ કરવામાં આવ્યું હતું ?

(A) વડોદરા
(B) રાજકોટ
(C) અમરેલી
(D) અમદાવાદ
(E) Not Attempted

42. Don't .............. your time, otherwise you can't progress in life.

(A) spoil
(B) lose
(C) start
(D) waste
(E) Not Attempted

43. સાહિત્યકારોના નામ - ઉપનામની સાચી જોડ શોધો.

| | |
|---|---|
| (1) મનુભાઈ પંચોળી | (P) મીનપિયાસી |
| (2) ઉમાશંકર જોષી | (Q) સ્નેહદાન |
| (3) દિનકરરાય વૈદ્ય | (R) દર્શક |
| (4) કુન્દનિકા કાપડિયા | (S) વાસુકિ |

(A) 1 - R, 2 - S, 3 - P, 4 - Q
(B) 1 - P, 2 - Q, 3 - R, 4 - S
(C) 1 - Q, 2 - R, 3 - S, 4 - P
(D) 1 - R, 2 - P, 3 - S, 4 - Q
(E) Not Attempted

44. નીચેનામાંથી 'પ્રશસ્તિ' - નો વિરોધી શબ્દ જણાવો.

(A) પ્રશંસા
(B) સ્તુતિ
(C) નિંદા
(D) વખાણ
(E) Not Attempted

www.gujjuguruji.com

45. કવિ દલપતરામે તેમના અંગ્રેજ જજ મિત્ર એલેકઝાન્ડર કિન્લોક ફોર્બ્સના સહયોગથી 'ગુજરાત વર્નાક્યુલર સોસાયટી'ની સ્થાપના કરેલી, તે હાલમાં કયા નામે ઓળખાય છે ?

(A) ગુજરાત વિદ્યાપીઠ
(B) ગુજરાત સાહિત્યસભા
(C) ગુજરાત યુનિવર્સિટી
(D) ગુજરાત વિદ્યાસભા
(E) Not Attempted

46. Find nearly opposite meaning : 'Prosperity'

(A) Ability
(B) Poverty
(C) Disparity
(D) Improper
(E) Not Attempted

47. નીચેનામાંથી કયો શબ્દ સમાન અર્થ ધરાવતો નથી ?

(A) પુરુષાર્થ
(B) મહેનત
(C) પ્રારબ્ધ
(D) પરિશ્રમ
(E) Not Attempted

48. 'પડતીમાં હોવા છતાં આબરૂ જાળવવાની શક્તિ ધરાવવી' - આ અર્થ ધરાવતી કહેવત કઈ ?

(A) આશા અમર છે
(B) મન હોય તો માળવે જવાય
(C) ભાંગ્યું ભાંગ્યું તોય ભરૂચ
(D) પડતાં પર પાટું મારવું
(E) Not Attempted

49. અવકાશીય પદાર્થો વચ્ચેનું અંતર કયા એકમમાં મપાય છે ?

(A) મીટર
(B) સેન્ટિમીટર
(C) પ્રકાશવર્ષ
(D) કિલોમીટર
(E) Not Attempted

50. 'બારડોલી સત્યાગ્રહ' કઈ સાલમાં થયો હતો ?

(A) ઈ.સ. 1922
(B) ઈ.સ. 1930
(C) ઈ.સ. 1928
(D) ઈ.સ. 1929
(E) Not Attempted

51. Kusums father was ............... london last month.

(A) from
(B) had
(C) gone
(D) in
(E) Not Attempted

52. 10 વિદ્યાર્થીઓની 10 વર્ષ પહેલાની ઉંમરનો સરવાળો 10 હતો તો 10 વર્ષ પછી તેમની ઉંમરનો સરવાળો કેટલો થશે ?

(A) 210 વર્ષ
(B) 250 વર્ષ
(C) 250 વર્ષ
(D) 200 વર્ષ
(E) Not Attempted

53. ખરીફ પાકની લણણી કયા માસ દરમ્યાન કરવામાં આવે છે ?

(A) જૂન - જુલાઈ
(B) સપ્ટેમ્બર - ઓક્ટોબર
(C) ઓક્ટોબર - ડિસેમ્બર
(D) માર્ચ - એપ્રિલ
(E) Not Attempted

54. ભારતના કયા રાજ્યને 'ભૂટાન' દેશની સહરદ સ્પર્શતી નથી ?

(A) અરૂણાચલ પ્રદેશ
(B) મિઝોરમ
(C) આસામ
(D) સિક્કિમ
(E) Not Attempted

55. Find the meaning of underlined word. "We <u>hoped</u> to visit a zoo but we visited museum."

(A) walked
(B) jumped
(C) started
(D) wanted
(E) Not Attempted

56. કઈ સંખ્યા મોટી છે ?

(A) 3.06
(B) 3.006
(C) 3.0006
(D) 3.6
(E) Not Attempted

57. એવી કઈ સંખ્યા છે જેને બે વાર ગુણવાથી, જેનો વર્ગ કરવાથી, જેનો ઘન કરવાથી અને તે સંખ્યા વડે જ ભાગવા છતાં પરિણામ તે જ સંખ્યા આવે ?

(A) 1
(B) 2
(C) અહીં દર્શાવેલ ત્રણ પૈકી એક પણ નહીં
(D) –1
(E) Not Attempted

58. મહીસાગર જિલ્લાનું મુખ્ય મથક કયું છે ?

(A) વીરપુર
(B) સંતરામપુર
(C) કડાણા
(D) લુણાવાડ
(E) Not Attempted

59. કવિ અખાએ કયા મુગલ રાજાની ટંકશાળના ઉપરી અધિકારી તરીકે કાર્ય કર્યું હતું ?

(A) હુમાયુ
(B) ઔરંગઝેબ
(C) જહાંગીર
(D) અકબર
(E) Not Attempted

60. 'નાક-લીટી તાણવી' રૂઢિપ્રયોગનો અર્થ આપો.

(A) જીદ કરવી
(B) સાષ્ટાંગ દંડવત પ્રણામ કરવા
(C) ભૂલનો સ્વીકાર કરવો
(D) અત્યંત દીનપણે શરણે જવું
(E) Not Attempted

www.gujjuguruji.com

61. કયો મુઘલ રાજા ગુજરાતને 'હિંદનું આભૂષણ' માનતો હતો ?

(A) જહાંગીર
(B) બહાદુરશાહ ઝફર
(C) ઔરંગઝેબ
(D) અકબર
(E) Not Attempted

62. પુલિકટ સરોવર ભારતના કયા રાજ્યમાં આવેલું છે ?

(A) તેલંગાણા
(B) આંધ્રપ્રદેશ
(C) ઓરિસ્સા
(D) રાજસ્થાન
(E) Not Attempted

63. $\sqrt{16 \times 256} = (........)^2$

(A) 9
(B) 16
(C) 8
(D) 7
(E) Not Attempted

64. ECS નું પૂરું નામ જણાવો.

(A) ઈલેક્ટ્રોનિક કોમર્શિયલ સિસ્ટમ
(B) ઈલેક્ટ્રોનિક કેર સિસ્ટમ
(C) ઈલેક્ટ્રોનિક કોમન સિસ્ટમ
(D) ઈલેક્ટ્રોનિક ક્લિયરિંગ સિસ્ટમ
(E) Not Attempted

65. $0.5 \div 0.125 = ..............$

(A) 16
(B) 0.625
(C) 6.25
(D) 4
(E) Not Attempted

66. 'રસ્તો કરી જવાના' - ગઝલના રચયિતા કોણ છે ?

(A) બરકત વિરાણી
(B) અમૃત 'ઘાયલ'
(C) આદિલ 'મન્સૂરી'
(D) મરીઝ
(E) Not Attempted

67. 'ભમો ભરતખંડમાં સકળ ભોમ ખૂંદી વળી.' - પંક્તિનો છંદ ઓળખાવો.

(A) શિખરિણી
(B) મંદાક્રાન્તા
(C) મનહર
(D) પૃથ્વી
(E) Not Attempted

68. 'સ્વચ્છ' શબ્દની સાચી સંધિ જણાવો.

(A) સુ + અચ્છ
(B) સૂ + અચ્છ
(C) સ્વ + ચ્છ
(D) સ્વ + અચ્છ
(E) Not Attempted

69. નીચેનામાંથી કયો શબ્દ તત્પુરુષ સમાસ નથી ?

(A) સ્નેહાધિન
(B) દેશપ્રેમ
(C) વનવાસ
(D) પાપપુણ્ય
(E) Not Attempted

70. 'જ્યાં સુધી ગુજરાતી ભાષાને ગૌરવ નહીં મળે ત્યાં સુધી પાઘડી નહીં પહેરું' - આ પ્રતિજ્ઞા કોણે લીધી હતી ?

(A) આનંદશંકર ધ્રુવ

(B) પ્રેમાનંદ

(C) નંદશંકર મહેતા

(D) શામળ ભટ્ટ

(E) Not Attempted

71. 'આવતું વાદળ દેખી મુખથી ન કશું કહું.' - રેખાંકિત પ્રત્યયનો વિભક્તિ પ્રકાર જણાવો.

(A) કરણ વિભક્તિ

(B) સંબંધ વિભક્તિ

(C) અધિકરણ વિભક્તિ

(D) અપાદાન વિભક્તિ

(E) Not Attempted

72. The plane took off ............... Mumbai airport

(A) on

(B) from

(C) at

(D) in

(E) Not Attempted

73. આદિવાસીઓના વિકાસ માટે કોણે દક્ષિણ ગુજરાતમાં વેડછી ખાતે આશ્રમશાળા સ્થાપી હતી ?

(A) નાનાભાઈ ભટ્ટ

(B) રવિશંકર મહારાજ

(C) ઠક્કરબાપા

(D) જુગતરામ દવે

(E) Not Attempted

74. ગુજરાતના ભરૂચ જિલ્લામાં કઈ જગ્યાએ દર 18 વર્ષે કુંભમેળો ભરાય છે ?

(A) ભાડભૂત

(B) ગાંધાર

(C) જંબુસર

(D) દહેજ

(E) Not Attempted

75. 'સમિધ' એ શબ્દનો અર્થ શો છે ?

(A) એક શિકારી પક્ષી

(B) વેવાઈ પક્ષના લોકો

(C) સાથે યુદ્ધ કરવાવાળો

(D) યજ્ઞમાં હોમવાના લાકડાં

(E) Not Attempted

76. $1^{100} + 100^{0}$ બરાબર કેટલા ?

(A) 101

(B) 1

(C) 2

(D) 200

(E) Not Attempted

77. 'એક જ દે ચિનગારી' કાવ્યના કવિ કોણ ?

(A) મનોહર ત્રિવેદી

(B) નાથાલાલ દવે

(C) હરિહર ભટ્ટ

(D) મુકુલ ચોકસી

(E) Not Attempted

78. Give nearest meaning : 'Messenger'

(A) A news carrier

(B) A soldier

(C) Writer

(D) A slave

(E) Not Attempted

www.gujjuguruji.com

79. 'ઉંબરે ઊભી સાંભળું રે બોલ વાલમના' - આ જાણીતું ગીત કોણે લખ્યું છે ?

(A) મણિલાલ દેસાઈ
(B) તુષાર શુક્લ
(C) હરીન્દ્ર દવે
(D) પ્રિયકાન્ત મણિયાર
(E) Not Attempted

80. ભારત રત્ન મેળવનાર પ્રથમ મહાનુભાવ કોણ હતાં ?

(A) ડૉ. રાજેન્દ્ર પ્રસાદ
(B) ડૉ. ભગવાન દાસ
(C) જવાહરલાલ નહેરુ
(D) ડૉ. એસ. રાધાકૃષ્ણન
(E) Not Attempted

81. અશોક પાસે 100 રૂપિયાની 80 નોટો સિરિયલ નંબર પ્રમાણેની છે. જો પ્રથમ નોટ પર 624328 નંબર હોય તો છેલ્લી નોટ પર કયો નંબર હશે ?

(A) 624409
(B) 624407
(C) 624405
(D) 624408
(E) Not Attempted

82. 52 પાનાના ગંજીફામાંથી કોઈ એક પત્તુ ખેંચવામાં આવે છે તો ખેંચાયેલું પત્તુ 'ચૉકટ' હોવાની સંભાવના કેટલી ?

(A) 50%
(B) 75%
(C) 12.5%
(D) 25%
(E) Not Attempted

83. પિતા અને પુત્રની ઉંમરનો તફાવત 20 વર્ષ છે અને સરવાળો તફાવતથી બમણો છે, તો બંનેની ઉંમર અનુક્રમે કેટલી હશે ?

(A) 30, 10 વર્ષ
(B) 36, 16 વર્ષ
(C) 40, 20 વર્ષ
(D) 25, 5 વર્ષ
(E) Not Attempted

84. 'જેનામાં વૃક્ષ પ્રીતિ નથી તેનામાં જાણે કે જીવનપ્રીતિ જ નથી.' - પંક્તિનો અલંકાર ઓળખાવો.

(A) વર્ણાનુપ્રાસ
(B) ઉત્પ્રેક્ષા
(C) રૂપક
(D) ઉપમા
(E) Not Attempted

85. કોઈ પૂર્ણઘન સંખ્યાના એકમનો અંક 4 હોય, તો તેના ઘનમૂળના એકમનો અંક ............... હોય.

(A) 4
(B) 6
(C) 8
(D) 2
(E) Not Attempted

86. તાજેતરમાં કયા દેશે વિજય માલ્યાની સોંપણીનો ઇનકાર કરી દીધો ?

(A) બ્રિટન
(B) જર્મની
(C) અમેરિકા
(D) રશિયા
(E) Not Attempted

87. I had ............... headache in the morning

(A) bad
(B) keen
(C) very
(D) severe
(E) Not Attempted

88. 'સાંઢ નાથ્યો' પ્રકરણ કઈ નવલકથામાંથી લેવામાં આવ્યું છે ?

(A) દીપ નિર્વાણ
(B) ભવસાગર
(C) જનમટીપ
(D) મારી હૈયા સગડી
(E) Not Attempted

89. ગુજરાતના કયા જિલ્લાની સરહદ મધ્ય પ્રદેશ અને રાજસ્થાન રાજ્ય સાથે જોડાયેલી છે ?

(A) નર્મદા
(B) સાબરકાંઠા
(C) દાહોદ
(D) છોટા ઉદેપુર
(E) Not Attempted

90. સો રૂપિયાના વેપારમાં 6 ટકા નફો થાય તો 400 રૂપિયાના વેપારમાં કેટલા ટકા નફો થશે ?

(A) 12%
(B) 6%
(C) 16%
(D) 24%
(E) Not Attempted

91. A country ruled by a king is ...............

(A) state
(B) kingrule
(C) kingdom
(D) courtyard
(E) Not Attempted

92. ગુજરાતના કયા મુખ્યમંત્રીના શાસનકાળમાં 'નવનિર્માણ' આંદોલન થયું હતું ?

(A) ચીમનભાઈ પટેલ
(B) છબીલદાસ મહેતા
(C) કેશુભાઈ પટેલ
(D) આનંદીબહેન પટેલ
(E) Not Attempted

93. ગુજરાતી સાહિત્યના પ્રસિદ્ધ કવિ મીરાંબાઈને કોણે ઉછેર્યા હતાં ?

(A) દાદા રાવ દુદાજીએ
(B) પિતા રત્નસિંહજીએ
(C) શ્રીકૃષ્ણએ
(D) માતા વીરકુંવરીએ
(E) Not Attempted

94. 'પ્લેઈંગ ઇટ માય વે' એ કોની આત્મકથા છે ?

(A) સચીન તેંડુલકર
(B) સાનિયા મિર્ઝા
(C) સાનિયા નેહવાલ
(D) મહેન્દ્રસિંઘ ધોની
(E) Not Attempted

95. 'વિદ્યુતપ્રવાહનું અસ્તિત્વ અને દિશા' માપવા કયા ઉપકરણનો ઉપયોગ થાય છે ?

(A) એમીટર
(B) બેરોમીટર
(C) ડાયનેમો મીટર
(D) ગેલ્વેનો મીટર
(E) Not Attempted

96. 'સરદાર પટેલ લોખંડી પુરુષ હતાં.' - રેખાંકિત પદ ઓળખાવો.

(A) ગુણવાચક વિશેષણ
(B) સંખ્યાવાચક વિશેષણ
(C) ક્રમવાચક વિશેષણ
(D) ભાવવાચક વિશેષણ
(E) Not Attempted

97. સરફરોશી કી તમન્ના અબ હમારે દિલ મેં હૈ ....... દેશદાઝની ભાવના કોણે વ્યક્ત કરી હતી ?

(A) મદનલાલ ધીંગરા
(B) ખુદીરામ બોઝ
(C) સુખદેવ
(D) બિસ્મિલ
(E) Not Attempted

98. 'ઝેર તો પીધાં છે જાણી જાણી' નવલકથાના સર્જક કોણ છે ?

(A) જયંત ખત્રી
(B) મનુભાઈ પંચોળી
(C) ક. મા. મુન્શી
(D) પન્નાલાલ પટેલ
(E) Not Attempted

99. માનવ ચિકિત્સા સંબંધી RNA ના શોધક કોણ છે ?

(A) બેટીંગ અને બેસ્ટ
(B) વોટસન અને આર્થર
(C) રેનેલિનક
(D) વોટસન અને ક્રિક
(E) Not Attempted

100. ગુજરાતના પ્રથમ મહિલા મંત્રી કોણ હતાં ?

(A) સ્મૃતિ ઈરાની
(B) હરકુંવર શેઠાણી
(C) ઈન્દુમતિબહેન શેઠ
(D) આનંદીબેન પટેલ
(E) Not Attempted

• • •

www.gujjuguruji.com